ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૪.૬ ડીગ્રી
લઘુતમ : ૨૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૨૦ ટકા ● સાંજે ૧૩ ટકા

**ગાંધીનગર તાપમાન**

# આજે આંબેડકર જયંતિ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા.૧૩

ભારત દેશના બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડો.બાબા સાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતિની ગાંધીનગર શહેરમાં રંગેચંગે ઉજવણી કરવામાં આવશે. વિધાનસભાની સામે આવેલ પ્રેરણાભુમિ સ્થિત ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને સવારે ૯ કલાકે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા તેમજ મંત્રી આત્મારામ પરમાર પુષ્પાંજલિ અર્પણ કરશે. તે ઉપરાંત શહેરની વિવિધ સંસ્થાના આગેવાનો,રાજકીય આગેવાનો, હોદેદારો, કાર્યકરો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. જયારે દિવસ દરમિયાન નગરમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને જયભીમના નારાથી ગુંજી ઉઠશે.

ભારતના બંધારણના ઘડવૈયા તેમજ ભારતરત્ન ડો.ભીમરાવ આંબડકરની જન્મજયંતિની સમગ્ર ભારતભરમાં રંગેચંગે ઉજવણી કરાશે. ત્યારે વંચિતો, શોષિતો, દલિતો, મહિલાઓ મજદુરો માટે બંધારણીય અધિકારોના લડવૈયા ડો. ભીમરાવ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતિની શહેરમાં દબદબાભેર ઉજવણી વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે. જેમાં વીરમાયા સ્મારક સમિતિ, ગુજરાત વણકર સમાજ પાટણના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડા, સંસ્થાના હોદેદારો, સભ્યો પ્રેરણા ભુમિ ખાતે સવારે ૯ કલાકે ડો. બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ૧૨૬ કિલોની કેક કાપીને ભવ્ય ઉજવણી કરશે. જયારે યુનિટી ઓફ ગાંધીનગર સંસ્થા દ્વારા સૌ પ્રથમવાર ડો. બાબા સાહેબની જન્મજયંતિની ઉજવણી સવારે ૧૦ કલાકે ૧૨૬ કિલોની કેક બાળકોના હસ્તે કાપીને ઉજવણી કરવામાં આવશે. ત્યારે પ્રેરણાભુમિ ખાતે આવનાર તમામ નાગરીકો માટે દલિત અધિકાર સંઘ ગુજરાત દ્વારા જન્મજયંતિ પ્રસંગે સવારથી છાશનું વિતરણ કરવામાં આવશે. જયારે ડો.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ ઉજવણી સમતિ સેકટર-૨૪ દ્વારા ઉજવણી નિમિતે સવારે ૮ કલાકે સે-૨૪ ખાતેથી રેલી નીકળશે.જેમાં ધજા પતાકા, બેનર સાથે પગપાળા તેમજ બાઈકો સાથે યુવાનો તેમજ બે ટેબ્લો સામેલ હશે જેમાં બંધારણની તેમજ બાબા સાહેબના જીવનની ઝાંખી કરાવતા ચિત્રો હશે. ત્યારબાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા તમામ દર્દીઓને ફળ વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે સેકટર-૨૪ આદર્શનગર ખાતો તેજસ્વી તારલાઓનું સન્માન તેમજ લોકસાહિત્યકાર બાબુલ બારોટ દ્વારા ભીમ ડાયરો રાત્રે ૮ કલાકે યોજાશે. ઉપરાંત સંત રોહિદાસ સેવા સમાજ સેકટર-૬ ખાતે સાંજે ૬.૩૦ કલાકે જયોત પ્રગટાવવામાં આવશે. જયારે સાંજે ૬.૪૫ કલાકે ભવ્ય આતશબાજી તેમજ લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ પ્રસંગે પ્રેરણાભુમિ ખાતે મોટી સંખ્યામાં નાગરીકો ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. આ પ્રસંગે શહેરના નાગરીકો મોટી સંખ્યામાં હાજર રહેશે.



## @ગાંધીનગર

● સે-૩-ન્યુના વસાહતીઓ દ્વારા પ્લોટ નં. ૨૭૧ ખાતે સવારે અગિયાર વાગે આંબેડકર જયંતિ ઉજવાશે.

● સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા રાજપૂત સમાજ સે-૧૨ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન કુકીંગ શૉ યોજાશે.

● ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર તરફથી પી.કે. ચૌધરી આર્ટસ કોલેજ ખાતે સવારે ૯ થી ૫ દરમિયાન ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલિમ યોજાશે.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા પંચાયતથી આંબેડકર પ્રતિમા સુધી સમતા કુચ સવારે ૯ કલાકે યોજાશે.

# શહેરમાં કાળઝાળ ગરમી : બે સપ્તાહમાં ૩૪ બેભાન

**ગાંધીનગરમાં ૧૨ દિવસમાં ૧૦૮ ને લુ લાગવી, છાતીમાં દુખાવો થવો, ઢળી પડવુ તેમજ ઝાડા-ઉલ્ટીના મળીને કુલ-૧૪૬ કોલ મળ્યા**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીમાં નાગરીકો ઘરમાંથી બહાર નીકળવાનું ટાળે છે. એપ્રિલ માસમાં અંગ દઝાડતી ગરમીથી શહેરનું જનજીવન પ્રભાવિત થયું છે. બપોરના સુમારે માર્ગો પણ સુમસામ બની જાય છે. ત્યારે શહેરમાં પડી રહેલી ગરમીથી છેલ્લા ૧૨ દિવસમાં ૩૪ નાગરીકો બેભાન થઈ ઢળી પડવાના બનાવ બન્યા છે. તો બીજી તરફ ગરમીને પગલે છાતીમાં દુખાવો, પેટમાં દુખાવો, ડિ-હાઈડ્રેશન, બ્લડપ્રેશર વધી જવુ સહિતના કુલ- ૧૪૬ કોલ ઈમરજન્સી સેવા ૧૦૮ ને મળ્યા છે.

ગાંધીનગર શહેરમાં સતત કાર્યરત ૧૦૮ ઈમરજન્સી સેવા અકસ્માત સમયે તેમજ ગમે ત્યારે



કટોકટીના સમયે દર્દીઓને માત્ર ગણતરીની મિનીટોમાં હોસ્પિટલ પહોંચાડવાની સેવા કરે છે. ત્યારે ગરમી પડતા ૧૦૮ની કામગીરી પણ વિશેષરૂપે વધતી જોવા મળે છે. અત્યારે હાલ શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીથી શહેરનું જનજીવન પ્રભાવિત થયું છે. નાગરીકો ઘરમાં પુરાઈ રહે છે અને પંખા, એસી તેમજ કુલર દ્વારા ગરમીથી રાહત મેળવી રહ્યા છે. ગરમીને પગલે એસી પણ કામ કરતા નથી તેવો ઘાટ સર્જાયો છે. તેવા સમયે ઘરની બહાર નીકળતા નાગરીકો ગરમીમાં બેભાન થયા હોય તેવા ૧૨ દિવસમાં ૩૪ કેસ નોંધાયા છે. તે ઉપરાંત ગરમીમાં ઠંડક મેળવવા તેમજ બિન આરોગ્યપ્રદ ખોરાક આરોગવાથી પેટમાં દુખાવાના ૨૬ કેસ, બ્લડપ્રેશરના ૯, છાતીમાં દુખાવાના ૩૦, કાન-નાક અને ગળામાં તકલીફ સર્જાઈ હોય તેવા ૨ ફેઈનટીંગના ૬ કેસ, ગરમીથી ચકકર આવીને માર્ગ પર પડી જવાના ૨૬, લુ લાગવાના ૪ કેસ, અને ઝાડા-ઉલ્ટીના ૯ કેસ નોંધાયા છે. ત્યારે છેલ્લા ૧૨ દિવસમાં વિવિધ ઈમરજન્સીના કુલ-૧૪૬ કોલ ૧૦૮ ને મળ્યા છે. ગાંધીનગર શહેરમાં સતત દોડતી અને દર્દીઓને ઝડપી સેવા પુરી પાડતી ઈમરજન્સી સેવા ૧૦૮ સેવા માર્ગ પર થયેલા અકસ્માત સહિત વિવિધ ઈમરજન્સી ઉપરાંત ગરમીથી પ્રભાવિત થયેલા દર્દીઓને તાત્કાલીક સ્થળ પર જઈ સેવા આપીને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલ ખાતો પહોંચાડ્યા હતા.

# ફોટોગ્રાફર એસો. દ્વારા સિનેમેટોગ્રાફી વર્કશોપ

ગાંધીનગર, તા.૧૩

ફોટોગ્રાફર એસોસિએશન ઓફ ગાંધીનગરના પ્રમુખ પ્રવિણભાઈ ઠકકર, ઉપપ્રમુખ અજયભાઈ પટેલ તથા મંત્રી રૂપસિંહ રાજન તથા સમિતિના સભ્યો દ્વારા તા. ૧૭મી એપ્રિલના રોજ સવારે ૯-૦૦ કલાકે સે-૧૨, આંબેડકર હોલ ખાતે સિનેમેટોગ્રાફી વર્કશોપ યોજાનાર છે. જેમાં નામાંકિત ફેકલ્ટી દિપકભાઈ વાઘેલાના માર્ગદર્શન હેઠળ આ વર્કશોપ યોજાનાર છે. તો ગાંધીનગરના સર્વે ફોટો-વિડીયોગ્રાફરોને તેનો લાભ લેવા જણાવવામાં આવેલ છે.

# કલોલ તાલુકાનાં બે વોન્ટેડ ઘરફોડીયાઓ આખરે પકડાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં ઘરફોડ ચોરી કર્યા બાદ નાસતા ફરતા બે આરોપીઓને ગાંધીનગર એસઓજીની ટીમે કલોલ તાલુકાના છત્રાલ પેટ્રોલ પંપ પાસેથી પકડી પાડયા છે. પકડાયેલા બે વોન્ટેડ આરોપીમાં એક મહિલા છે તો બીજો સીગર વયનો બાળ આરોપી છે. એસઓજીએ બંનેને પકડીને કાયદેસરની કાર્યવાહી કરી કલોલ તાલુકા પોલીસને સોંપ્યા છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ મિલ્કત સંબંધીત ગુનાઓ અટકાવવા તથા નાસ્તા ફરતા આરોપીઓ પકડવા સક્રિય થઈ છે. પીએસઆઈ એલ.એસ. ચૌધરી તથા તેમની ટીમે માહિતી આધારે કલોલ તાલુકાના છત્રાલ પંટ્રોલ પંપ પાસે વૉચ ગોઠવી હતી. કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ઘરફોડ ચોરીમાં મદદગારી કરનાર બંને આરોપીને છત્રાલ પેટ્રોલપંપથી એસઓજીની ટીમે પકડી પાડયા હતા. આઈપીસી કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાના આ બંને વોન્ટેડ આરોપીઓ પૈકી એક તો સગીર વયનો બાળ આરોપી છે જયારે અન્ય મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલા લક્ષ્મીપુરા ગામની ૨૪ વર્ષીય યુવતી વીરૂ ઉર્ફે અંજલી દશરથ દંતાણી છે. બંનેને પકડીને એસઓજીની ટીમે કલોલ તાલુકા પોલીસને સોંપ્યા છે.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ કેવી રીતે કરવો તે અંગે એક બેઠક યોજવામાં આવી હતી અને તેમાં હાઉસકિપીંગ કર્મચારીઓને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યુ હતું. આ બેઠકમાં હાઉસકિપીંગ સુપરવાઈઝર સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

● ગાંધીનગર સે-૧૬માં સાંજના સમયે વિજળી વેરણ થવા પામી હતી. અસહ્ય ગરમીની મૌસમમાં લાઈટો ‘ગુલ’ થતા વસાહતીઓ પરેશાન થઈ ઉઠયા હતા તથા સેકટરમાં આવેલા વાણિજ્યિક સંસ્થાનોને પણ હાલાકી ભોગવવી પડી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**ડો. ઋષિકેશ દવે**

**ગાંધીનગર ગમે**

આ શહેરમાં મારું ૪૭મું વર્ષ છે. ગાંધીનગરની સૅક્ટર-૨૯ની વિજ્ઞાન કૉલેજ મારી પ્રેરણાભૂમિ છે. આ શહેરમાંથી મૅડિકલમાં પ્રવેશ મેળવી તબીબ થયો અને તબીબી અધિકારી તરીકે નિવૃત્ત થયો તેથી આ શહેર ગમે છે.

**નગરજનો**

જીઆર અને સીઆરમાં અટવાયેલા નગરજનો શરૂઆતમાં સરકારી માનસિકતા ધરાવતા હતા પરંતુ સમયાંતરે નગરજનો સહૃદયી, સાંસ્કૃતિક માહોલ માણતા થયા છે. ઉત્સવપ્રિય નગરજનો દરેક ઉત્સવ ઉમંગભેર ઉજવે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગર કલ્ચરલ ફોરમે ગાંધીનગરને જીવંત અને ધબકતું રાખવા સફળતાપૂર્વક ભગીરથ પ્રયત્ન કર્યા છે. એમાંય તેના નવરાત્રી મહોત્સવે તો ગાંધીનગરને દુનિયાના નકશા પર મૂકી દીધું છે.

**નગરને બહેતર બનાવવા**

ગાંધીનગરને ગુજરાતનું હૃદયકુંજ બનાવવા અને ગાંધીજીના નામને ઊંચેરું કરવા સૌ નગરજનો નગરના વિકાસ માટે સાથે મળીને યત્નો કરે તે જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**

રૉટરી ક્લબની રાહત દરે દવા વિતરણ, સારવાર, ફિઝીયોથેરાપી વગેરે પ્રવૃત્તિના અભિયાનમાં હું જોડાયો છું અને વધુમાં વધુ યોગદાન આપવા માટે સમર્પિત છું.

# કરાઈ ખાતે મિત્રો સાથે નદીમાં ન્હાવા પડેલો યુવાન ડુબ્યો

ગાંધીનગર, તા.૧૩

અમદાવાદના જુના વાડજ વિસ્તારમાં રહેતું મિત્રોનું ગ્રુપ ગઈ કાલે કરાઈ ખાતે સાબરમતી નદીમાં ગોબરેશ્વર મહાદેવ પાસે ન્હાવા આવ્યા હતા. નદીમાં એક યુવાન અચાનક ગરકાવ થઈ જતા ચકચાર મચી ગઈ હતી. પાણીમાં શોધખોળ કરવા છતાં ગઈ કાલે તેની ભાળ મળી ન હતી. દરમિયાન આજે સવારે ૧૯ વર્ષીય આ યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

અમદાવાદ જુના વાડજ ખાતે રહેતો ૧૯ વર્ષીય નિકુંજ ડાહ્યાભાઈ પરમાર તેના મિત્રો સાથે ગઈ કાલે અમદાવાદથી ગાંધીનગર નજીક આવેલા કરાઈ ખાતે ગોબરેશ્વર મહાદેવ મંદિર નજીક સાબરમતી નદીમાં ન્હાવા આવ્યો હતો. કોઈ કારણોસર નિકુંજ પરમાર નદીના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. નિકુંજ ડુબી જતાં તેના મિત્રોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. ફાયરબ્રિગેડને કોલ કરતા ટીમ બચાવ કામગીરી અર્થે આવી પહોંચી હતી પરંતુ તેની ભાળ મળી ન હતી. આજે સવારે સાડા આઠ વાગ્યાના અરસામાં તેનો તરતો મૃતદેહ મળી આવતા બહાર કઢાવી અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઘટના અંગે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# આજે શહેરમાં ‘ગુડ ફ્રાઈડે’ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં ઈસાઈ સમુદાય દ્વારા તા. ૧૪મી એપ્રિલ શુક્રવારે ‘ગુડ ફ્રાઈડે’નું પર્વ ઉજવાશે. ગાંધીનગરના ઈસાઈ અગ્રણી હસમુખ મેકવાને ગુડ ફ્રાઈડેનું પર્વ ક્ષમાનું પર્વ હોવાનું જણાવતા કહ્યું હતું કે માનવી જયારે લોભ, લાલચ, ધન સંપત્તિ, માન-મોભો, સત્તા વગેરેને જીવનમાં અગ્રસ્થાન આપે છે ત્યારે તે પોતાનું સાન-ભાન ગુમાવી ન કરવાના દુષ્કૃત્યો આચરે છે. જેના કારણે સમાજમાં કડવાશ ઉભી થાય છે. તિરસ્કાર, ધિક્કાર ફેલાય છે અને માનવી પ્રભુથી વિખૂટો પડી જાય છે. આ સમયે સંબંધોને ફરીથી જોડવાની જરૂરિયાત ઉભી થાય છે.

# મને પણ મળ્યો ‘સ્વીમીંગ પુલ’



ઉનાળાની ગરમી માત્ર માનવી જ નહી પરંતુ પશુ-પક્ષી સૌ કોઈને દઝાડી રહી છે. જયારે ગરમી વધી જાય ત્યારે શહેરમાં પક્ષીઓ માટે પરબો મુકાય છે, પ્રાણી સંગ્રહાલયમાં રક્ષિત પ્રાણીઓને કૂલર તથા ખસની ટટ્ટી કે પાણીના ફુવારા થકી ઠંડક પહોંચાડાય છે પરંતુ માનવીની સૌથી નજીક વફાદાર મિત્ર બની રહેતા શેરીના શ્વાનને તો આટલી ગરમીમાં પોતાના અંગે ‘ટાઢક’ જાત પ્રયત્ન થકી જ કરવાની હોય છે અને આ શ્વાનને પાણીનો કુંડ મળી જતા જાણે ‘સ્વીમીંગ પુલ’ મળ્યો હોય તેવા હર્ષથી તેણે તેમાં ઝંપલાવી દીધું હતું.

# ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા શ્રી મહાપ્રભુજી ઉત્સવ

ગાંધીનગર, તા.૧૩

જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણ શ્રી મહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ મહોત્સવ શ્રી વલ્લભાબ્દ ૫૪૦નો આરંભ તા. ૨૨મી એપ્રિલના રોજ હવેલી મંદિર, સે-૨૧ ખાતે યોજવામાં આવેલ છે. આ અંગે પ્રસાદ લેવા ઈચ્છુક વૈષ્ણવોએ કાર્યાલયમાં તા. ૨૦મી એપ્રિલ સુધીમાં સંપર્ક સાધવો તેમ માનદમંત્રીશ્રી કિરીટભાઈએ જણાવેલ છે.

# સે-૨૩ વેપારી મંડળ દ્વારા હનુમાન જયંતિએ હવન કરાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૨૩ શોપિંગ સેન્ટર ખાતે હનુમાન જયંતિ પ્રસંગે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.



ગાંધીનગરમાં હનુમાન જયંતિની વિવિધ સ્થળોએ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શહેરના સે-૨૩ ખાતે પણ અગ્રણી વેપારી કૌશિકભાઈ સુખડિયા દ્વારા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.સે-૨૩ ખાતેના વેપારીઓને સાથે રાખીને કરાયેલા આ આયોજનમાં કૌશિકભાઈ સુખડિયાએ અન્ય વેપારીઓને પણ હવનમાં બેસવા માટેની તક પુરી પાડી હતી. કૌશિકભાઈ ઉપરાંત આ પવિત્ર કાર્યમાં ચિરાગભાઈ લિંબાચીયા સહિત પાંચ જેટલા વેપારીઓએ સજોડે હવનમાં બેસવાનો લાભ લીધો હતો.

# તારઘરના નામે ટેલિફોન વિભાગની સેવાઓ બંધ થતી અટકાવવા રજૂઆત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર રાજયનું પાટનગર છે છતાં એક પછી એક સવાઓ ઓછી થતી જાય છે. જે સેવાઓ છે તેમાં સુધારો વધારો થતો નથી. આ સંજોગોમાં વધુ એક ઝાટકો ટેલિફોન વિભાગ તરફથી ડૉ. જીવરાજ મહેતા ભવનમાં ૧૯૮૪માં તારઘર શરુ કરવામાં આવેલ હતું તે બંધ થવાની નોબત આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા આ અંગે ટેલિફોન અદાલતમાં રજુઆત કરવામાં આવી હતી. આ અંગેનો નિર્ણય જનરલ મેનેજરશ્રી ગુજરાત દ્વારા લેવાયેલ છે તેમને પણ લેખિત સ્વરૂપમાં રજુઆત કરેલ છે. દિલ્હી ખાતે પણ લેખિત સ્વરૂપમાં જણાવાયું છે. આ સેવાઓ બંધ થતા મોબાઈલ રીચાર્જીંગ, ફેક્ષ, ઈમેલ, પીસીઓ, ટેલીફોન બીલ વસુલી જેવી લોકઆવશ્યક સેવાઓ બંધ થશે. જયાં ૪૪ કર્મચારીઓ કામ કરતા હતા ત્યાં હવે માત્ર ૨ કર્મચારીથી ચાલે છે. આ સેવાઓ બંધ ન થાય તે માટે મુખ્ય સચિવશ્રી જે.એન. સિંઘને પણ રજુઆત કરેલ છે અને જરૂરી સેવાઓ વિકસાવવાની માંગણી કરવામાં આવી છે. આ અંગે અરૂણભાઈ બુચ, મયુરભાઈ દેસાઈ, સુનીલભાઈ શાહ, નિલેન્દુભાઈ વોરાએ રજુઆતો કરી છે.

આજ રીતે પોસ્ટવિભાગમાં ટપાલ કચેરીઓમાં કનેકટીવીટીના અભાવે સેવઓ ખોરવાઈ જાય છે જેથી તેનું નેટવર્ક સુદૃઢ કરવાની જરુર છે. જેથી મુશ્કેલીઓ દુર થઈ શકે. ડાક અદાલતમાં પણ ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.

# એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી નિઃશુલ્ક યોગ શિબિર

ગાંધીનગર, તા.૧૩

તા. ૧૪, ૧૫, અને ૧૬ એપ્રિલ દરમિયાન યોગ શિબિરનું આયોજન સેકટર-૨૨ શ્રેયસ સોસાયટીના બગીચામાં કરવામાં આવ્યું છે. જેમાં યોગ, આયુર્વેદ, પ્રાકૃતિક ચિકિત્સા અને એકયુપ્રેશર દ્વારા ગેસ, એસીડીટી, કબજિયાત, કમર-ઘુંટણના દુઃખાવા, સર્વાઈકલ, સાઈટીકા, અનિંદ્રા, માઈગ્રેઈન, વજનમાં વધારો-ઘટાડો, માનસિક રોગ, થાઈરોઈડ, સ્પોન્ડોલાઈટીસ, પેરાલીસીસ અને અસાધ્ય રોગોનું ચોકકસ નિદાન કરી માર્ગદર્શન આપવા સાથે સ્વાસ્થ્યવર્ધક રસ-શરબત મફત અપાશે. ભાગ લેવા ઈચ્છુકોએ મો. ૯૭૧૪૦ ૨૭૭૬૦ ઉપર રજિસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે.

# ઓપન હાઉસમાં વિદ્યાર્થીઓના સમાજોપયોગી પ્રોજેકટસ

**ચાંદખેડાની વિશ્વકર્મા એન્જિનીયરીગ કોલેજમાં રાજય સ્તરનું ઓપન હાઉસ યોજાયું**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ખાતે ટેકનોલોજી અને નવીનતાને પ્રોત્સાહન આપવા રાજય સ્તરનું ઓપન હાઉસ યોજાયું હતું. ઓપન હાઉસમાં રાજયભરની કોલેજોમાંથી અનેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને આશરે ૧૫૦ જેટલા પ્રોજેકટસ રજૂ કરાયા હતાં.

ઓપન હાઉસમાં રજૂ કરાયેલા પ્રોજેકટસમાં હેડ મુવમેન્ટ કંટ્રોલ વ્હીલ ચેર, પાવર ઈલેકટ્રોનિકસ આધારિત સોલાર ગ્રાસ કટર, સોલાર પાવર એલઈડી લાઈટ વીથ ઓટો ઈન્ટેસિટી કન્ટ્રોલ, ઈન્ડકશન મોટર કંટ્રોલ યુઝીંગ સાઈન વેવ ઈન્વર્ટર, મેગવેવ સિસ્ટમ, સિંગલ ફેઝ પીડબલ્યુએમ રેકિટફાયર ટ્રેકશન સિસ્ટમ, ઓટો કંટ્રોલ એનર્જી સેવર મોડયુલર મલ્ટીલેવલ ઈન્વર્ટર, પ્રોગ્રામેબલ લોજીક કન્ટ્રોલર જેવા વિવિધ પ્રોજેકટસ રજુ કરાયા હતા. ઓપન હાઉસમાં નિષ્ણાંતો દ્વારા દરેક શાખામાંથી પસંદ કરાયેલા ઉત્તમ ૫ થી ૧૦ પ્રોજેકટસમાંથી છેલ્લે શ્રેષ્ઠ ૩ પ્રોજેકટસને પસંદ કરી પ્રોત્સાહિત કરવાનું નક્કી કરાયું છે. વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના આચાર્ય ડૉ. રાજુલ ગજ્જરે ઓપન હાઉસને વિદ્યાર્થી માટે દુનિયા સામે તેમની લાક્ષણિકતા અનુસાર ક્ષમતાને રજૂ કરવાનો અવસર ગણાવ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતાં.



## ચિરવિદાય

● સ્વ. રામદુલારે નાનજીભાઈ બનીયા, ઉ.વ. ૭૦